ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
An International Multidisciplinary Research e-Journal

# સંશોધન પપેર – સુજલામ સુફલામ યોજના

ઝાપડિયા હરદિપ અશ્વિનભાઇ

Research Scholar

Department of Economics

Saurashtra University, Rajkot

**સારાંશ :-**

પ્રસ્તુત યોજના સુજલામ સુફલામ યોજના અંતર્ગત તળાવ ઊંડા કરવા, કૂવાઓની સાફ-સફાઈ કરવી, નદીઓને પૂન:વિત કરવી અને જળાશયોને ઉંડા કરાવવા, તલાવડીઓ બંધાવવી જો આ બધા કામો સારી રીતે પૂર્ણ થાય તો માનવીને પાણી પૂરતા પ્રમાણમાં મળી રહે અને રોજગારી પણ પૂરતા પ્રમાણમાં મળી રહે અને સાથે સાથે ખેડૂતોને પુરતા પ્રમાણમાં સિંચાઈના લાભ પણ મળી રહે. આ યોજનાનો મુખ્ય હેતુ તે લાભ અને ખર્ચ જાણવાનું છે અને તે વર્ણનાત્મક પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

**મહત્વના શબ્દો :-**

- ભુગર્ભ જળ ઉંડા કરવા,
- પાણીનો સંગ્રહ કરવો,
- રોજગારીમાં વધારો કરવો.

**પ્રસ્તાવના :-**

જીવન જીવવા માટે પાણી તે જરૂરી છે , તે માટે જ કહેવાય છે ને કે જળ એ જ જીવન છે. પરંતુ ગુજરાતમા વસ્તી વધારાને લીધે પૂરતા પ્રમાણમાં પાણી મળી શકતું નથી. આપણે જોવા મળે છે કે ગુજરાતની કુલ વસ્તી 6.27 કરોડની છે. આટલી બધી વસ્તીને પાણી પૂરું પાડવા માટે ગુજરાત સરકાર દ્વારા એક નવી યોજના બહાર પાડવામાં આવી છે જેનું નામ છે સુજલામ સુફલામ યોજના. આ યોજના અંતર્ગત લોકોને પાણી મળી રહે તે માટે ચેકડેમ ઊંડા કરવા, તળાવો બંધાવવા, નદીઓને પુન:વિત કરવી. આ બધી પ્રવૃત્તિ કરીને ગુજરાત સરકાર તે માનવીને પાણી પૂરું પાડી શકશે . 337 કિ.મી. જેટલી લાંબી પાઈપલાઈનનું નિર્માણ કરી ગામડાઓ તથા શહેરોને પીવાનું પાણી પૂરું પાડતું હોય તેવું ગુજરાત પ્રથમ રાજ્ય છે.

**સંદર્ભ સાહિત્ય :-**

**અજય પટેલ અને સંજય પાઘડાળ 2019 ભારતનું અર્થતંત્ર યુવા ઉપનિષદ પબ્લિકેશન. સુરત :-**

સુજલામ સુફલામ યોજના અંતર્ગત ગુજરાતમાં 30 જીલ્લાઓને અંદાજે 340 કિ.મી. લંબાઈ ની 32 નદીઓ પુનઃવિત કરવામાં આવશે. તે સાથે નદી વિસ્તાર 13 હજાર જેટલા તળાવો જળાશયો ઊંડા કરાશે આની સાથે સાથે પરંપરાગત જળ-સ્રોત નવીનીકરણ પણ કરાશે. આ અભિયાન દ્વારા ચોમાસુ બેસે તે પહેલાં જળસંચયનો વ્યાપ વધારવો એ રાજ્ય સરકારનો મુખ્ય હેતુ છે.

**હેતુઓ :-**

1. આ યોજનાની પ્રાપ્ત રોજગારીનું પ્રમાણ જાણવાનો હેતુ.
2. સુજલામ સુફલામ યોજના ના લાભ જાણવાનો હેતુ.
3. સુજલામ સુફલામ યોજના નો ખર્ચ જાણવાનો હેતુ.

**સંશોધન પદ્ધતિ :-**

પ્રસ્તુત સંશોધન પદ્ધતિમાં વર્ણનાત્મક સંશોધન પર આધારિત છે, જેમાં ગૌણ માહિતી લેવામાં આવી છે.

**પૃથ્થકરણ અને અર્થઘટન :-**

**કોષ્ઠક દ્વારા રજૂઆત :-**

| ક્રમ | જિલ્લાઓ | ખર્ચ/રોકાણ (લાખમાં) |
|---|---|---|
| ૧) | પોરબંદર | ૩૩૧ |
| ૨) | રાજકોટ | ૩૪૯ |
| ૩) | ગીર સોમનાથ | ૩૮૪ |
| ૪) | પંચમહાલ | ૭૨૪.૦૭ |
| ૫) | પાટણ | ૭૮૫ |
| ૬) | મહેસાણા | ૧૨૫૫ |
| ૭) | અમદાવાદ | ૧૩૭૨ |
| ૮) | કચ્છ | ૨૯૮૧.૩૭ |
| ૯) | ભરૂચ | ૬૭૪૬.૯ |
| ૧૦) | જુનાગઢ | ૨૭૨૫ |

VIDHYAYANA




**કોષ્ઠક અને આલેખની સમજુતી :-**

- ઉપરોક્ત કોષ્ઠક અને આલેખમાં સુજલામ સુફલામ યોજનામાં ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં થયેલ ખર્ચનું પ્રમાણ દર્શાવવામાં આવ્યું છે.
- આ યોજનામાં સૌથી ઓછો પોરબંદર જીલ્લામાં ૩૩૧ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. જયારે સૌથી વધારે ભરૂચમાં ૬૭૪૬.૯ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.
- આ યોજનામાં સૌરાષ્ટ્રના જુનાગઢ જીલ્લામાં સૌથી વધારે ૨૭૨૫ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.
- કચ્છ જેવા સુકા પ્રદેશોમાં આ યોજનામાં ખાસ ધ્યાન આપવામાં આવ્યું છે. જેમાં ૨૯૮૧.૩૭ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.
- આમ સુજલામ સુફલામ યોજના એક સફળ યોજના પુરવાર થઇ છે. અને વધુમાં વધુ આ યોજના સફળ થાય તેનાં માટે સરકાર ઘણા બધા પગલાઓ ભરી રહી છે.

**તારણો:-**

- પ્રસ્તુત અભ્યાસ પરથી જાણવા મળ્યું છે કે આ યોજના અંતર્ગત રોજગારીમાં વધારો થયેલ જોવા મળે છે.
- પ્રસ્તુત અભ્યાસ પરથી જાણવા મળ્યું છે કે આ યોજના અંતર્ગત ભૂગર્ભજળની સપાટીમાં અને પાણીના પુરવઠામાં વધારો જોવા મળે છે.
- પ્રસ્તુત અભ્યાસ પરથી જાણવા મળ્યું છે કે ખેતીક્ષેત્રે સિંચાઇની સગવડ માં વધારો જોવા મળે છે.

**સંદર્ભો –**

Https://guj. News. Gujrat. gov.in

www.aajkal daily.com

HTTPS://Youtube